અસીમ શ્રીવાસ્તવ,IFS
મુખ્ય વન સંરક્ષક વ
સ્ટેટ કો.ઓર્ડીનેટર
સીસીડીયુ – ટીએસસી

કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી
(સીસીડીયુ–ટીએસસી પ્રોજેક્ટ)
બ્લોક નં.૧૬.ત્રીજે માળ,ડૉ.જીવરાજ મહેતા
ભવન,ગાંધીનગર–૩૮૨ ૦૧૦
ટે.નં.૨૩૨ ૪૫૩૩૭ ફેકસ નં. ૨૩૨૫૭૩૫૫

ક્રમાંકઃ–આરડીસી / ટીએસસી / નિર્મળ ગુજરાત / મોટીવેટર્સ / ૫૨૫
તા. ૨૫/ ૧૦ /૨૦૧૦

પ્રતિ,
નિયામકશ્રી,
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,
જિલ્લો : (તમામ)

વિષયઃ–નિર્મળ ગુજરાત અંતર્ગત તાલુકાકક્ષાના / ગ્રામકક્ષાના મોટીવેટર્સની નિમણૂંક કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના તારીખ ૩૦–૭–૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : ટીએસસી – ૧૦૨૦૧૦ – એસએફએસ – ૮૩ – ખ–૨થી ત્રણ તાલુકાદીઠ એક તાલુકાકક્ષાના તેમજ ૨૦ ગ્રામ પંચાયતદીઠ એક ગ્રામ પંચાયતકક્ષાના મોટીવેટર્સની નિમણૂંક કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. તારીખ ૨૬–૧૦–૨૦૧૦ના રોજની નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની રીજીયોનલ બેઠકમાં આ બાબતે સમીક્ષા કરતાં મોટાભાગના જિલ્લાઓએ તાલુકા / ગ્રામ પંચાયતકક્ષાના મોટીવેટર્સની નિમણૂંક કરી દીધેલ છે અને તેમને કામગીરીની ફાળવણી, મોનીટરીંગ અને સમીક્ષા તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફતે કરવામાં આવી રહેલ છે. આ બાબતે તારીખ ૨૬–૧૦–૨૦૧૦ની બેઠકમાં નિયામકશ્રીઓનો અભિપ્રાય મેળવતાં તાલુકા / ગ્રામ પંચાયતકક્ષાના મોટીવેટર્સને કામગીરીની ફાળવણી, તેનું મોનીટરીગ અને તેમની કામગીરીની સમીક્ષા સીધી જ નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અથવા એ.પી.ઓ.(ટીએસસી) ધ્વારા થાય તો મોટીવેટર્સ તેમની કામગીરી વધુ અસરકારક રીતે કરી શકશે.

ઉપરોકત બાબતને ધ્યાનમાં રાખી તમામ જિલ્લાઓ ધ્વારા તાલુકા / ગ્રામ પંચાયત મોટીવેટર્સને કામગીરીની ફાળવણી, મોનીટરીગ સમીક્ષા વગેરે બાબતો સીધી જ જિલ્લાકક્ષાએથી થવા તેમજ તેમને મહેનતાણાંની ચૂકવણી પણ જિલ્લાકક્ષાએથી થવા આથી જણાવવામાં આવે છે.

(અસીમ શ્રીવાસ્તવ)

નકલ રવાના :
જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
જિલ્લો : (તમામ)